## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

મદારીઓ 'અનામત'નાં માંકડાં નચાવે છે!
પરિપત્રો પર જાદુઈ આંકડા રચાવે છે -
લલચાવે બધા સમાજોને નોકરી-નશામાં -
ને સરકાર સામે રાંકડા શોર મચાવે છે...
(વગાડે ડાકલાં ને નચાવે ભૂત'અનામત' નું)

હાઈકુ

આંટીઘૂંટીથી
આવડત વિનાના -
ઘૂંટે એકઠા...
('પરિપત્ર' નું પેચીદુ કામ)

બુદ્ધિ હવાડે -
પરિપત્ર ભવાડે -
તંત્ર રવાડે...
(સવાલાય સરક્યુલરમાં)

### ચિંતન

યદિદં સકલં વિશ્વં નાનારુપં પ્રતીતમજ્ઞાનાત્ ।
તત્સર્વં બ્રહ્મૈવ પ્રત્યસ્તાશેષભાવના દોષમ્ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે અજ્ઞાનથી અનેક આકાર પ્રતીત થાય છે તે સઘળું વિશ્વ, સમસ્ત ભાવનાઓના દોષનો જ્યાં અંત આવે છે તે બ્રહ્મ જ છે.

આપણે આકાશના વાદળોને એકીટસે જ્યારે જોયા કરીએ ત્યારે આપણા વિચાર સ્વભા અને જ્ઞાનના પ્રતિઘોષ સ્વરુપે તેમાં આકારો દેખાય છે વાસ્તવનો એક એક કલ્પના કે ભ્રમ જ છે.

જયારે 'વાદળ' ના વૈજ્ઞાનિક સ્વરુપનું આપણને જ્ઞાન થાય ત્યારે આપણો એ કાલ્પનિક ભ્રમ ભાંગી જાય અને સત્ય સમજાય છે.

ઈશ્વરીય સત્ય-જ્ઞાનની સમજ થતાં જ 'બ્રહ્મ' શું છે તે સમજાય છે.

### સુવિચાર

- 'જીભ' એ તો સિંહ છે... એ તો જંજીરમાં બંધાયેલી જ સારી... - **ઝેન કથન**
- માણસના મનમાં જ યુદ્ધોના પ્રારંભ થાય છે, આથી શાંતિના ઉપાયો પણ માણસના મનમાંથી જ ઉદ્ભવવા જોઈએ - **ચંદ્રકાન્ત મહેતા**
- જેટલો સર્જન અને સર્જનહાર વચ્ચે ફેર છે એટલો ક્યાં સ્વર્ગને સંસાર વચ્ચે ફેર છે - **કિસ્મત કુરેશી**
- જે સૈન્ય અધિકારીઓએ યુદ્ધમાં મરી રહેલા સૈનિકોની આંખ સાથે આંખ મિલાવી છે તેઓ યુદ્ધ શરુ કરતાં પહેલા હવે એક સો વાર વિચારશે - **બિસ્માર્ક**
- સૌથી અઘરી છે... મનની સરહદને પાર કરવી - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમમાં નિષ્ફળતા ત્યારે જ મળી કહેવાય જયારે તમે ચાહવાનું બંધ કરો - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : હરસમાં લોહી પડતું હોય તો બે અંજીર રાત્રે પાણીમાં પલાળી સવારે ખૂબ ચાવીને ખાવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના સંશોધકોએ બે પ્રયોગ કર્યા. બંને પ્રયોગના સહભાગીઓને અમુક ચહેરા બતાવવામાં આવ્યા અને એમના પ્રતિભાવ નોંધવામાં આવ્યા. પહેલા પ્રયોગના સહભાગીઓને સૂચના આપવામાં આવી કે જે ચહેરો દેખાડવામાં આવ્યા છે. એમનો ખરાબ સમય ચાલી રહ્યો છે આથી એ ચહેરાઓ પર ગુસ્સાની લાગણી દેખાય છે. જો કે ભાગ લેનારાઓને કહેવામાં આવ્યું કે ચહેરા પર દેખાતો દુસ્સો એમની માટે નહીં, બીજા માટે છે. આ પ્રયોગમાં ભાગ લેનારાઓને આ વાત બરાબર ગળે ઊતરી ગઈ પછી એમણે કોઈ બીજા પર ગુસ્સે થાય ત્યારે પ્રતિસાદ આપવાનું બંધ કરી દીધું. બીજા પ્રયોગમાં ભાગ લેનારાઓને આવી કોઈ સૂચના આપવામાં આવી નહીં. એટલે એમણે સામેવાળાનો ગુસ્સો પોતાના માટે છે એવું માન્યું. પરિણામે સ્વાભાવિક પણે એમના પ્રતિસાદ ઉગ્ર રહ્યા. આ પ્રયોગ પરથી તારણ એ નીકળ્યું કે બીજાના ગુસ્સાથી પ્રભાવિત થવું કે નહીં એ સંપૂર્ણપણે વ્યક્તિના પોતાના હાથની વાત છે. સવાલ દષ્ટિકોણનો છે. ગુસ્સાવાળા લોકો પ્રત્યે આપણો દષ્ટિકોણ બદલી નાખીએ તો આપણે ઘણી બાબત સુધારી શકીએ છીએ. પતિ, પત્ની કે શેઠ ગુસ્સે થાય ત્યારે એ પરિસ્થિતિમાં આપણે ફક્ત એટલું જ વિચારવાનું છે કે એ આજે ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હશે. એટલે એમની સામે ગુસ્સો થવાને બદલે એને આપણે પ્રેમ અને સહકાર આપવાની જરૂર છે.

# બે મહાસત્તાઓનું મિલન

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ભારતને અગાઉના કોઈ પણ અમેરિકી પ્રમુખ કરતાં વધારે અગત્યનું ગણે છે તે એમનાં અને એમની પુત્રી ઈવાન્કાનાં વિધાનોથી પુરવાર થઈ ચૂક્યું છે. દેખીતું છે કે દક્ષિણ એશિયામાં ચીન કરતાં ભારત વધારે સક્ષમ બને તે જ અમેરિકાને ગમે. આ વ્યૂહાત્મક રાજનીતિ સંજોગોએ કરેલી કરામતને આભારી છે. એક સમયે પછાત ગણાતું અને માનવ-કીડિયારાંથી ઊભરાતું ચીન કાળક્રમે પોતાની વસતિનો સાનુકૂળ ઉપયોગ કરી અમેરિકાને આંખો બતાવતું થઈ ગયું છે. યુનાઈટેડ નેશન્સમાં એણે પોતિકી તાકાત પર સલામતી સમિતિના કાયમી સદસ્ય તરીકે સ્થાન મેળવી લીધું છે અને પાકિસ્તાનને અમેરિકાના વિકલ્પે ચીન જ એનું તારણહાર લાગી રહ્યું છે. આ બદલાયેલા સંજોગો અમેરિકાને એની પરંપરાગત કૂટનીતિ અને વિદેશનીતિમાં જડમૂળથી ફેરફાર કરવાની ફરજ પાડી રહ્યા છે. આતંકવાદના પારણા જેવા પાકિસ્તાનને અમેરિકા વર્ષો સુધી બગલબચ્ચાનીજેમ પંપાળતું રહ્યું, પરંતુ ઈસ્લામિક આતંકવાદે ૯/૧૧ જેવી ઐતિહાસિક આતંકવાદી ઘટનાને અંજામ આપ્યો ત્યારે એને ફેરવિચારણાની ફરજ પડી હતી. ઓસામા બિન લાદેન પાક આર્મીની છત્રછાયામાં જ છુપાયો હતો, જેનો ખાત્મો બોલાવીને અમેરિકાએ વિશ્વના જમાદાર તરીકેની પોતાની લાયકાતનો પરચો બતાવી દીધો હતો. એ પછી ભારત-પાકિસ્તાન સાથે સમાન ધોરણે સંબંધો સાચવવાનું અમેરિકાએ મુનાસિબ નથી ગણ્યું. અગાઉ કોઈ પણ અમેરિકન રાજપુરુષ ભારતની મુલાકાતે આવતો ત્યારે અહીંથી બારોબાર અમેરિકા પરત નહોતો જતો. પાકિસ્તાનની મુલાકાત લીધા પછી જ સ્વદેશ પાછા ફરવાની એ પરંપરા ટ્રમ્પ તોડી રહ્યા છે એને ભારતીય નેતૃત્વ જરૂર પોતાની મુત્સદ્દીગીરીનો વિજય ગણાવી શકે.

ઈમરાન ખાન સાથેની વાતચીત પછી પણ અમેરિકાના પ્રમુખે વારંવાર કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવાની ઑફર કરેલ છે. વારંવાર ભારત તરફથી એવી ઓફર કરેલ છે. વારંવાર ભારત તરફથી એવી ઓફર નકારાઈ હોવા છતાં ટ્રમ્પને માઠું નથી લાગ્યું કે એમનું સ્વમાન ઘવાયું નથી તે પણ નોંધવું રહ્યું. ટ્રમ્પ ઉતાવળિયા છે એટલે 'ગુડ ફેઈથ' માં થયેલી અંગત વાત પણ ઘણી વખત જાહેર કરી દે છે. મોદીને તેઓ પોતાના સારા મિત્ર માને છે. કેનેડી અને નહેરુની મૈત્રીએ ચીનના સકંજામાંથી ભારતને લોહી નીંગળતા હાલતમાં બચાવ્યું હતું તે ભૂલવું ન જોઈએ. અમેરિકા સાથેના સૈનિક સ્તરના સોદા, સંરક્ષણ સંદર્ભે શસ્ત્ર ખરીદી વગેરે બાબતો અમેરિકાને મન કોમર્શિયલ હશે, પરંતુ ભારત માટે વ્યૂહાત્મક છે. રશિયા પાસેથી કરાતી રહેલી આવી ખરીદી મુદ્દે અમેરિકાની નારાજગી જાણીતી છે. અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીના નિવાસ પર ચરખો કાંતતા ટ્રમ્પ માટે ચરખો એ કદાચ ભારતીય લોકપરંપરાનો કર્મકાંડ જ હશે. ચરખા પાસે બેસીને પણ વિચારો તો એ શસ્ત્રોના સોદા વિશેના જ કરતા હશે. ભારતમાં લઘુમતીઓની કહેવાતી ઉપેક્ષા મુદ્દે અમેરિકા વિશ્વક સ્તરે અભિપ્રાય આપીને, કયારેક નોંધ લઈને તો કયારેક એવી બાબતોની ઉપેક્ષા કરીને અટકી જાય છે. ટ્રમ્પને ગાંધીજીના કે ભારતના ભવ્ય અને ભાતીગળ ઈતિહાસ કરતાં બે મહાન લોકશાહી રાષ્ટ્રોના મિલનનો જ વધુ મહિમા હોય તે સમજી શકાય એમ છે. મૂળે ટ્રમ્પ ભારતીય અમેરિકન નાગરિકોના વોટ જીતી લેવા માગે છે.

# શીખવા માટેની જાગૃતિના દીવડા અજવાળા પાથરે છે



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મારી દીકરી પાંચમા ધોરણમાં અંગ્રેજી મીડિયમાં ભણે છે, ને મને પણ ભણાવે છે...' કારના ડ્રાઈવર શીરીષભાઈ કહે છે...એમની વાતમાં રસ પડ્યો એટલે પૂછ્યું કે 'એ તમને શું ભણાવે છે?' તો હસતાં હસતાં કહ્યું કે, 'અંગ્રેજી ભાષા, ને કસ્ટમર સાથે અપ-ટુ-ડેટ કેમ રહેવાનું તે,' અને હસતાં હસતાં કહે, 'તમે એને શું કહો ? મેઈક ઓવર ને...!!!'

સોમનાથ દાદાના દર્શને જઈ રહ્યા હતા. સંગીત અને કલાકારો બંને માટે પ્રેમ એવા વાહનચાલકનો પહેલો પરિચય હતો... પણ પછી એ અને પ્રવાસી બંને વચ્ચે વાતોનો દોર આગળ ચાલતો ગયો.

મૂળ વતન ગીર-સોમનાથના તાલાલા તાલુકાનું ગામ... ત્યાંથી અમદાવાદ આવીને વસ્યા. શરુઆતમાં ડ્રાઈવર તરીકે કામ કર્યું... નીતિ અને મહેનતથી, પ્રવાસીઓ સાથે સંબંધો કેળવવાના અભિગમથી પ્રગતિ થઈ ગઈ અને આજે એમની પાસે પોતાના વાહન છે.

વાત આગળ ચલાવતા એમણે ઉમેર્યું કે 'અત્યાર સુધીમાં ૧૫થી વધુ વાર મેં પ્રવાસીઓને ભારત-ભ્રમણ કરાવ્યું છે જેમાં પડોશી દેશ નેપાળ પણ આવી જાય. ત્રણ મહિના થાય' લગભગ લગભગ તમામ પ્રવાસન સ્થળો અને ધાર્મિક-ઐતિહાસિક સ્થળોને આવરી લેતો રૂટ એમને ત્રણ મિનિટમાં કહી દીધો. પછી રસપ્રદ વાત કરી કે મોટાભાગે વિદેશી ગોરા લોકો જ હોય. એટલે નવાઈ સાથે પૂછ્યું કે 'તો પછી તમે એમની સાથે કોમ્યુનિકેશન કેવી રીતે કરો ?' જવાબમાં કહે કે 'આટલા પ્રવાસો અને અનુભવો પછી હું એમની પાસેથી થોડા અંગ્રેજી વાક્યો અને મેનર્સ શીખી ગયો અને એ લોકો મારી પાસેથી આપણી ભાષાને રીતરિવાજ શીખતા જાય છે. અને હવે તો મારી દીકરી પાસે પણ હું જયારે જયારે સમય મળે ત્યારે ત્યારે અંગ્રેજી શીખી રહ્યો છું, ધંધામાં આગળ વધવું હોય તો કોઈ પણ ઉંમર મોટી નથી અને મારી દીકરીથી વધારે સારી ટીચર બીજું કોઈ હોઈ શકે?' 'એમ કહી હસતા હસતા એમને લેખના આરંભે લખેલી વાત કહી.'

આવો જ એક બીજો કિસ્સો પણ છે જેમાં એક આર્ટીસ્ટ જે સીધી રીતે અવાજ સાથે સંકળાયેલા છે એમને હિન્દી અને અંગ્રેજી ભાષાના ઉચ્ચારો - આરોહ-અવરોધ વગેરેને વધુ સ્પષ્ટ અને સાચા કરવા માટેની તત્પરતા હતી, એમને એક જાણીતી આર્ટીસ્ટ ધ્વનિ જે આ ક્ષેત્રે વધુ બહુ સારું કામ કરે છે, એને એકવાર કહ્યું કે, 'તું મારી ટીચર બનીને મને તારી અનુકૂળતાએ અંગ્રેજી ભાષાના લેસન આપને !!'

હવે એની સાથે પારિવારિક દોસ્તી, એટલે પેલા મિત્રને કહે 'તમને ધ્વનિ જ શીખવશે પણ હું નહિં, તમારી દીકરી ધ્વનિ... એક કામ કરો આજથી નક્કી કરો કે એની સાથેની તમામ વાતચીત અંગ્રેજીમાં જ કરવાની, જેવી આવડે એવી... ને ધ્વનિને ફોન કરીને કહી પણ દીધું કે તારે ડેડી સાથે ગુજરાતીમાં બોલવાનું જ નહિ... આજે એ મિત્રના અંગ્રેજી ઉચ્ચારણો અને લઢણ ઘણા સુધર્યા છે.'

આપણો અનુભવ છે કે કોઈ પણ રમત રમવી પડે, કિનારે બેસીને સ્વીમીંગ ના શિખાય... પ્રયાસ કરનારને સફળતા મળે જ છે.

નીદા ફાઝલીનો શૅર છે,
સા સે સા તક સાત સૂર
સાત સૂરો મેં રાગ,
ઉતના હી સંગીત હૈ
જીતની તુજમેં આગ...

કોઈ પણ ઉંમરે, કોઈ પણ કાર્ય, પોતાના કે બાહ્ય કે આંતરિક વિકાસ માટે શીખવાની વાત એ ઉત્તમ જ હોય છે. માણસે સતત વિદ્યાર્થી રહેવું જોઈએ. આસપાસના વાતાવરણમાંથી, ઘરના સભ્યો પાસેથી જ આપણે રોજ નવું શીખી શકીએ છીએ, સવાલ હોય છે કાંઈ પણ શીખવા માટેની આપણી આતુરતા અને ધગશનો.

જેઓ ઉત્સાહ સાથે, માન-અપમાનની પરવા કર્યા વિના, શ્રેષ્ઠ કાર્ય માટે સંકલ્પબદ્ધ થાય છે, તેઓ આજે નહિ તો કાલે પણ સફળતાની અને સાર્થકતાની દિશામાં જરૂર આગળ વધે છે અને એમના આગળ વધવામાં - એમના માર્ગમાં એમની કાંઈક શીખવા માટેની જાગૃતિના દીવડા અજવાળા પાથરે છે.

# આટલું રીડિને જરા થીંકજો...



વિચારયાત્રા
ડો. જય ઓઝા

અંગ્રેજી માધ્યમના પહેલા ધોરણમાં ભણતા એક છોકરાની મમ્મી તેને કૃષ્ણની વાર્તા કહેતી હતી.'કૃષ્ણનો રંગ ડાર્ક હતો.તેને બટર બહુ ભાવે, ફ્રીજ ખોલ-બંધ કરે અને બટર ખાઈ લે,આખો દિવસ બોલથી રમ્યા કરે, એક દિવસ બોલ રિવરમાં પડ્યો....અને વાર્તા આગળ ચાલતી ગઈ.

અંગ્રેજોએ આપણા પર ઘણો સમય શાસન કર્યુ, અંગ્રેજો ગયા અને અંગ્રેજી મૂકતા ગયા. અહીં અંગ્રેજી ભાષા સામે વિરોધ નથી. સોરી અને થેંક યુ,પ્લીઝ અન એક્સક્યુઝ મી વગર આપણને ચાલતુ નથી, વાંધો શબ્દો સામે નથી,પણ તેને બળજબરીથી વાપરવાની ઘેલછા સામે છે.

'ભદ્રંભદ્ર'નો પાઠ ભણવામાં આવતો ત્યારે 'મોહમયીનગરીની બે મૂલ્યપત્રિકા' વાળો સંવાદ હાસ્ય ઉપજાવતો.આપણે માતૃભાષાનું જતન ભદ્રંભદ્રની પેઠે નહીં પણ માની જેમ કરવાનું છે.આપણી લાગણી,સંવેદના આ બધુ માતૃભાષા સાથ જ સંકળાયેલું છે.

અંગ્રેજીની લીટી નાની કરવાના બદલે ગુજરાતીની લીટી મોટી કરોને! ગુજરાતી ભાષા મરવા પડી છે એવી કાગારોળ સાંભળીએ છીએ,ગુજરાતી શાળાઓ બંધ થતી જાય છે, આને માટે જવાબદાર કોણ? શાળા સંચાલકો, આચાર્યો કે શિક્ષકો?

આ માટે વિશેષ જવાબદાર છે મા-બાપ પોતે. દરેકનો આગ્રહ છે કે મારા સંતાન અંગ્રેજીમાં ભણે. બધા એમ જ માની બેઠા છે કે અંગ્રેજી નહીં ભણે તો એનો ભાવ નહીં પૂછા. જે અભિવ્યક્તિ જે વર્ણન માતૃભાષામાં થઈ શકે છે તે અંગ્રેજીમાં શક્ય નથી. આપણી લોકબોલીમાં જે પ્રાણશક્તિ છે તે અંગ્રેજીમાં નથી. રવીન્દ્રનાથ ટાગોરે પણ સૌપ્રથમ માતૃભાષા બંગાળીમાં જ લખ્યું,પછી તેનો અનુવાદ કરી વિશ્વ સમક્ષ મૂક્યો. મા,માતૃભાષા અને માતૃભૂમિ બદલી શકાય નહીં.

નવી પેઢીનો બાળક 'ધીંગાણું' શબ્દ વર્ગમાં પ્રયોજાય ત્યારે બાઘો બની જોયા કરે છે. મેઘાણી,મડિયા કે પન્નાલાલ પટેલના પાઠ જયારે ભણાવીએ ત્યારે તે કથામાં આવતાં તળપદા શબ્દ સમજાવવા ભારે પડી જાય છે.'પાળીયો' શબ્દ એ બાળકને સમજાતો નથી. 'પાદર' એણે જોયું નથી.

અમુક શબ્દો, અમુક વર્ણન જે આત્મીયતાથી માતૃભાષામાં સંભવે છે, તેવી સમર્થતા બીજા પાસે નથી.'હડિયા પાટી' કરવી એટલે દોડાદોડી કરવી, પણ હડી કાઢવામાં જે ગતિ છે, તે રનિંગ શબ્દમાં નથી. અદલોદલ 'હડિયાપાટી'નો અર્થ બરાબર સ્પષ્ટ કરે તેવો ક્યો અંગ્રેજી શબ્દ છે?

આજની પેઢી જો માતૃભાષાથી વિમુખ થઈ જશે તો આવા તળપદા શબ્દોની સુંદર્તા જ નષ્ટ થઈ જવાની. વળી પાછા અંગ્રેજી માધ્યમમાં ભણતા છોકરા તૈયાર થાય, પછી શેક્સ્પિયર નથી વાંચતા, ગટે કે ચાર્લ્સ ડિકન્સથી તેઓ દૂર જ હોય છે, વર્ડઝવર્થની કવિતાનૂ સૌદર્ય તેઓ નથી માણી શકતા,કારણકે એની માટે પહેલાં કલાપી કે ઉમાશંહર જોષીની રચનાઓ સમજવી જરૂરી છે. તેમને શેમાં રસ છે? ગોસિપ અને ક્રાઈમ સ્ટોરીમાં, અને જ્યાં ને ત્યાં પોતાને અંગ્રેજી આવડે છે' તેની છાપ મૂકવામાં રસ હોય છે.

ગુજરાતી ખૂબ ભાવવાહી અને સંવેદનશીલતા આપણામાં આણનારી માતા છે. આપણે ગુજરાતીને ઉપેક્ષિત કરીશું એટલે આપણો વિનાશ નક્કી જ સમજવો. બાળકને મૂલ્યપરક પાઠ ભણાવવા હોય તો માતૃભાષા આવશ્યક છે. માતૃભાષા વિહોણું બાળક ભવિષ્યમાં લાગણી વિહોણું બનીને જો મા-બાપને ઘરડાઘરનો રસ્તો દેખાડે તો તેમા એમનો દોષ જરાય નથી. દોષ આપણો છે.

આપણે કેવું ગુજલિશ બોલીએ છીએ..તે જોઈએ. અમે તો બહુ ફાઈન છીએ. તમે કેમ છો? હાઉ આર યુ? ઈવનિંગ ટાઈમે વોક લેવાની બહુ મજા આવે છે. એટ્મોસ્ફિયર બહુ પ્લેઝન્ટ છે. સાચુ કહુ તો આઈ હેવ નો ટાઈમ. અમે ટ્યુઝડેના તો ભદ્રકાળી ટેમ્પલ જઈએ જ.અને સન્ડે ના અક્ષરધામ. એન્ડ યુ નો ઓફિસ જવાની પ્રિપરેશન,ફોન અને ફાઈલ્સ.રવિવારે ડિનર તો બહાર જ લેવાનું. હાય... ફલાણા...બાય... ઢીકણા... ઓકે રાઈટ...સોરી બ્રધર... ઓ શીટ્સ...

બાપરે તોબા... સહજ રીતે અંગ્રેજી શબ્દો આવે એનો વાંધો નથી પન જે રીતે આવે છે તેનો વાંધો છે. આવું અંગ્રેજી બોલીશું તો આપણો વટ પડી જશે,આવા વહેમમાં રહીને આપણે ગુજરાતીઓએ જ ગુજરાતી ભાષાને પીંખી નાખી છે.

અંગ્રેજી સારી રીતે બોલવું હશે તો સૌપ્રથમ માતૃભાષા સાચી રીતે બોલવી પડશે.બારમા ધોરણમાં અમને અંગ્રેજી ભણાવવા એક સાહેબ આવતા એ વાતે વાતે અંગ્રેજી શબ્દો કારણ વગર વાપરે રાખે.અમને કહ્યા કરે,જુઓ આટલું રીડ કરીને પ્રિપેર કરો, પછી ટુમોરો હું આવીશ ધેન તમે આની ટેસ્ટ આપજો.ઓ.કે. !! મારે હજી ઈટ કરવાનું બાકી છે. હું જાઉં છું. બાયપ અમે સામે જવાબ આપતા ઓ.કે. સર. અમે બધુ રીડી લઈશું તમે ઈટી આવો અમારે પણ ઈટવા જવાનું બાકી છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# મિત્રના એ પ્રશ્નથી જગ્ગી અંદરથી હચમચી ગયો





આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જીવનમાં કશુ પણ અશક્ય નથી. વ્યક્તિ જે વિચારે છે એ એને મળે જ છે. સવાલ વિચારવાનો છે. ઈશ્વરે મનુષ્યને વિચારની અદભુત શક્તિ આપી છે. આપણે જે વિચાર કરીએ છીએ એ કદાચ કોઈએ આજ પર્યંત વિચાર્યું ન પણ હોય. વિચારવાની શક્તિને મોટીવેશનલ ગુરુઓ આજકાલ 'માઈન્ડ પાવર' એવું નામ આપે છે. વિદેશોમાં આ વિષય ઉપર પરિસંવાદો અને ચર્ચાઓએ ખાસ્સુ જોર પકડ્યું છે. વિચારોમાં ખ્વાઈશ તો આસમાન જેવડી હોઈ શકે પણ એને પૂરી કરવા હૃદય ઉંડાણમાંથી અવાજ આવવો જોઈએ. ખ્વાઈશને આંબવા જીદ હોવી જોઈએ.

ચિંતકો હંમેશા કહેતા હોય છે કે, ખુશમાં રહેવું. આનંદ ચોક્કસ કરવો પણ ક્યારેય સંતોષ માનીને બેસી ન રહેવાય. આગળ વધવાની તડપ અને ધગશ મરી પરવારે એ ક્યારેય ન પાલવે. ખાલી કટોરો લઈને જાવ તો દુનિયા માગવા નિકળ્યા છો એમ જ સમજશે. કોઈ એમ નહિં વિચારે કે, કદાચ કટોરાની સામગ્રી વહેંચીને એ આવ્યો છે. હંમેશા મનમસ્તિષ્કનો કટોરો વિચારોથી છલોછલ ભરેલો રાખવો પડે.

શહેરના એક પરામાં રહેલા યુવાનની વાત છે. આ યુવાનનું નામ જગદીશ. મિત્રોમાં જગ્ગીના નામે ઓળખાય. દિવસ આખો જગ્ગી મિત્રો સાથે હરવા ફરવામાં, ગપ્પા મારવામાં અને મોબાઈલ ઉપર ચેટ કરવામાં ગાળે. માની નાદુરસ્ત તબિયત. એક દિવસની વાત છે. સાંજે જગ્ગીનો મિત્ર પહેલીવાર એના ઘરે આવ્યો. ખાટલા ઉપર બિમાર મા, ઘરમાં બેસવા માટે કોઈ ફર્નિચર નહીં. એક રૂમની નાની ઓરડી જોઈને મિત્ર તો દંગ રહી ગયો.

એણે પૂછ્યું 'આ પરિસ્થિતિમાં અને આવા ઘરમાં તું રહે છે ?'

જગ્ગીએ જવાબ આપ્યો, 'હા હું આવી જ પરિસ્થિતિમાં રહું છું.'

મિત્ર બે-પાંચ મિનિટ ખામોશ રહ્યો અને પછી જગ્ગીની પીઠ થાબડીને બોલ્યો, 'વાહ દોસ્ત તારા ઘરની બદતર હાલત છે, તારી મા બિમાર છે, તારા પિતાજી દિવસ-રાત મહેનત મજૂરી કરીને તને ભણાવે છે અને તું મોબાઈલ અને મિત્રોમાં વ્યસ્ત છે.'

મિત્રએ દર્દસભર સ્વરે કહ્યું, 'મને એક વાત કહે જગ્ગી તું કોને છેતરે છે ? તારી જાતને, તારા મિત્રોને કે તારા મા-બાપને ?' એણે કહ્યું, 'ચાલ મારી સાથે. આજે તને એક જગાએ લઈ જવો છે.'

જગ્ગીને એના પિતાજી જ્યાં કામ કરતાં હતાં એ ફેકટરી ઉપર મિત્ર લઈ ગયો. બન્ને જણા ફેકટરીના એક ખૂણામાં કોઈને ખબર ન પડે એમ ચુપચાપ બેસી ગયા. એવામાં પસીનાથી તરબતર જગ્ગીના પિતાજી જ્યાં આ બે મિત્રો બેઠા હતા ત્યાં આગળની બાજુ બાંકડે એમના સાથી કામદાર સાથે આવીને બેઠા. એમને ખ્યાલ ન હતો કે, એનો દીકરો એની પીઠ પાછળ જ બેઠો છે અને બધી વાત સાંભળી રહ્યો છે.

એમનું શરીર મજુરીકામના કારણે ખૂબ કળતું હતું. એ સાથીને કહેતા હતાં કે, 'ઘરે મારી પત્ની ખૂબ બીમાર છે. દવાના પૈસા નથી. હું દિવસ-રાત મહેનત કરું છું પણ બે વખતના રોટલા માંડ નીકળે છે. હજુ તો જગદીશની સ્કૂલની ફી ભરવાની બાકી છે. આવી જિંદગીથી તો મોત ભલું. થાકી ગયો છું. પણ મારો દીકરો મારી એક માત્ર આશા છે. જો જે મારો જગદીશ એક દિવસ આનાથી પણ મોટી ફેકટરીનો માલીક બનશે.'

બહાર નીકળીને જગ્ગીને મિત્રએ પૂછ્યું, 'તને લાગે છે કે તું તારા પિતાજીના સપના પૂરા કરી શકીશ ?' સગી આંખે પિતાજીની હાલત જોઈને અને મિત્રના પ્રશ્નથી જગ્ગી અંદરથી હચમચી ગયો. એણે મનોમન નિર્ણય કર્યો કે, એક દિવસ પિતાજી જ્યાં કામ કરે છે એનાથી મોટી ફેકટરીનો માલિક બનીશ. પરિસ્થિતિ જોઈને મનમાં વાળેલી વિચારની ગાંઠ ખ્વાઈશની પાંખો ઉપર સવાર થઈ ગઈ. દિવસ રાત મહેનત કરી જગ્ગી એમબીએ થયો. આજે તો એ એક મોટી ફેકટરીનો માલિક બની ગયો છે.

આ યુવાનની વાતના મૂળમાં હૃદયમાંથી ઉઠેલા ચિત્કાર અને એક વિચારની શક્તિ પડેલી છે. ખરેખર આપણે શું છીએ અને શું કરવું જોઈએ એનો વિચાર આવે એ જ અગત્યનું છે. જગ્ગીની જેમ કોઇ પણ આગળ આવી શકે એની ગેરંટી શું ? પાક્કી ખાતરી છે કે કોઇ પણ વ્યક્તિ ઉપર ઉઠી શકે છે. અલબત્ત હૃદયમાંથી ચિત્કાર થવો જોઇએ. ખ્વાઈશનો પટારો ખુલવો જોઇએ તો કામ બને. વિચાર કરવાવાળો કંઈક કરી શકે પણ ન વિચારવાવાળો મુશ્કેલીઓ અને તકલીફોના ગાણા ગાઈ એમાં જ અટવાતો રહે.

સ્વપ્ન સાકાર કરવા માટે ત્રણ પરિમાણો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. પહેલા તો વિચારના પાયાને મજબૂત બનાવી લક્ષ્ય નિર્ધારિત કરવું પડે. જે વ્યક્તિનું કોઈ લક્ષ્ય નથી અને જેને ચાર-પાંચ લક્ષ્ય છે એ બન્નેની સ્થતિ એક સમાન છે. એક ધ્યેય આગળ વધવાનો રાજમાર્ગ બનાવે છે. બીજુ અગત્યનું પરિબળ પ્રતિદિન રાત્રે દિવસ દરમિયાન કરેલી ભુલોની યાદી બનાવવાનું છે. આનાથી પોતાની કમજોરીનો ચીતાર મળી શકે છે. યાદ રહે એક વાર થયેલી ભુલ માફ છે પણ ભુલનું પુનરાવર્તન ક્યારેય ક્ષમ્ય નથી. ત્રીજી બાબત સમય-શક્તિ અને નાણાંની બચત સાથે તેનું ઉપજાઉ રોકાણ છે. આ ત્રણ પાસા ઉપર વિચાર કરવામાં આવે ત્યારે જે ગુમાવ્યું છે એનો અફસોસ નહીં થાય. જે મેળવ્યું છે એ કશાથી ઓછું નથી એનો દ્રઢ અહેસાસ થશે.

**ધબકાર :**
માણસ એની સાચી વાતોથી ઓળખાય છે, સારી વાતોથી તો પુસ્તકો, ફેસબુક વોલ અને વોટ્સએપ સ્ટેટસ ભરેલા પડ્યાં છે.